Press Note (January 2023-December 2023)

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 08-02-2023

નાના કાંધાસર ખાતે વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની 18મી બેઠક યોજાઈ

સુરેન્દ્રનગર ભાસ્કર | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નાના કાંધાસર ખાતે તા.6-2-2023ના રોજ જુનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડો. વી પી ચોવટીયા અને વિસ્તરણ શિક્ષક નિષ્ણાત ડો. એચ એમ ગાજીપરાના અધ્યક્ષ સ્થાને "વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની" 18મી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ડો. જે એન વ્યાસ અને અન્ય વૈજ્ઞાનિકો ડી એ પટેલ, એમ એફ ભોરણીયા અને ડો. બી સી બોચલ્યાએ વિષય મુજબ બાગાયત, પશુપાલન અને કૃષિનો વાર્ષિક અહેવાલ જેમ કે ખેડૂતલક્ષી તાલીમ, નિદર્શનો, ઓએકટી કામગીરી અહેવાલ અને આગામી વર્ષના આયોજન અંગેનો અહેવાલ રજૂ કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા એચ એસ શુકલા, એ કે વાળા અને એમ એન પટેલે જહેમત ઉઠાવી હતી.

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 04-11-2023

કે.વી.કે. નાના કાંધાસરમાં સાંકડા ગાળા કપાસ વાવણી વર્કશોપનું આયોજન

સુરેન્દ્રનગર ભાસ્કર| કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુ.કૃ.યુ. નાના કાંધાસર ખાતે HDPS સાંકડા ગાળા કપાસ વાવણી અંતર્ગત બુધવારના રોજ એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ. જે પ્રોજેક્ટ કૃષિ અને કલ્યાણ મંત્રાલય, કાપડ મંત્રાલય ભારત સરકાર ની સંયુક્ત પહેલ સંદર્ભે ICAR- CICR સેન્ટ્રલ ઈન્સ્ટીટયુટ ઓફ કોટન રિસર્ચ, નાગપુર દ્વારા આયોજન કરવામાં આવેલ હતું. જેમાં CICR,નાગપુર દ્વારા વૈજ્ઞાનિક ડો. વિવેક શાહ અને ડો. આર. જયાકુમાર વરાદાહ હાજર રહી પ્રોજેક્ટની સંપૂર્ણ જાણકારી આપેલ હતી. ડો. જીજુ.વ્યાસ. સીનીયર સાયન્ટીસ્ટ એન્ડ હે.ડ.કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુ.કૃ.યુ. નાના કાંધાસર ની અધ્યક્ષતામાં ડો.બી.સી.બોચલ્યા. વૈજ્ઞાનિક. કેવીકે, નાના કાંધાસર એ સંપૂર્ણ કાર્યક્રમનું સફળ આયોજન કરેલ હતું. આ કાર્યક્રમમાં સુરેન્દ્રનગર જીલ્લાના 95 ખેડૂતો એ ભાગ લીધો હતો.

એટ ધીસ ટાઇમ 13/09/2023

સમાચાર

નાના કાંધાસર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ખેડૂત વૈજ્ઞાનિક ગોષ્ઠી નો કાર્યક્રમ યોજાયો.

સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતો માટે ખેડૂત -વૈજ્ઞાનિક ગોષ્ઠિનો કાર્યક્રમ નાના કાંધાસર ,તાલુકો : ચોટીલા ખાતે આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાઈ ગયો . કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા જીજુબેન વ્યાસ દ્વારા કાર્યક્રમનું મહત્વ સમજાવ્યું , બી.સી. બોચલીયાભાઈ, વૈજ્ઞાનિક કે વી.કે. દ્વારા જિલ્લાનો અગત્યનો કપાસના પાકની અંતર આધારિત તાંત્રિક પદ્ધતિ ની વિસ્તૃત જાણકારી આપી હતી .આત્મા પ્રોજેક્ટ સુરેન્દ્રનગર ના પ્રોજેક્ટ ડાયરેક્ટ ભરત એ. પટેલ દ્વારા ઝેર વગરની દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ વિશે ખેડૂતોને જાણકારી આપી. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કલ્પાભાઈ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન આત્મા પ્રોજેક્ટ સુરેન્દ્રનગર દ્વારા કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આત્મા પ્રોજેક્ટના બીટીઓમ કોમલબેન, સંદીપભાઈ વેકરીયા, તેમજ પ્રોજેક્ટના એટીએમ જગદીશભાઈ, દીપકભાઈ, જીણાભાઈ , જયસુખભાઈ, જશુમતીબેન સર્વે એ કામગીરી કરી હતી કાર્યક્રમ ખૂબ ઉપયોગી માહિતી મેળવી હતી.

રિપોર્ટર : રણજીતભાઈ ખાચર . સાયલા, જી. સુરેન્દ્રનગર મો: 9998898958

વધુ વિગતવાર સમાચાર માટે 9998898958 પર વોટ્સએપ કરો

www.atthistime.in

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 26-10-2023

• લીલાપુર • ચૂડા • લીંબડી

લખતરમાં પાક વૈવિધ્યકરણ પ્રોજેક્ટ હેઠળ ટ્રેનિંગનો પ્રારંભ

ભાસ્કર ન્યૂઝ | લખતર

લખતર તાલુકા પંચાયતમાં તા.25-10-23ના રોજ પાક વૈવિધ્યકરણ પ્રોજેક્ટ અંતર્ગત બે દિવસીય ટ્રેનિંગનો પ્રારંભ થયો હતો. જેમાં લખતર તાલુકાનાં ખેડૂતોને ટ્રેનિંગમાં ઉપસ્થિત કૃષિ વૈજ્ઞાનિકો, પ્રોફેસરોએ માર્ગદર્શન આપ્યું હતું, અને તેમોની સાથે સંવાદ પણ કર્યો હતો.

લખતર તાલુકાપંચાયતના સભાખંડમાં તા.25-10-23ને બુધવારના રોજ અખિલ ભારતીય સંકલિત ખેતી પધ્ધતિ સંશોધન સંસ્થાન, ICMR, મોદીપુરમ, મેરઠ(ઉત્તરપ્રદેશ) દ્વારા કાણવવામાં આવેલા પાક વૈવિધ્યકરણ પ્રોજેક્ટ અંતર્ગત જુનાગઢ કૃષિ યુનિવર્સિટી તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને કૃષિ યુનિવર્સિટી નાના કાંધાસરના સહયોગથી ખેડૂતોની બે દિવસીય તાલીમની શરૂઆત કરવામાં આવી હતી. આ તાલીમ લખતર તાલુકાના ડાંગર પકવતા ખેડૂતોને ડાંગરને બદલે મગફળી, કપાસ, બાજરીનું વાવેતર કરવા પ્રેરિત કરવા માટે યોજાઈ હતી. આ તાલીમ શિબિરમાં પાક વૈવિધ્યકરણ સંકલિત રોગ જીવાત નિયંત્રણ, નદિકૃત નિર્યંત્રણ તેમજ ડાંગરને બદલે ઓછા પાણીની જરૂરિયાતવાળા કપાસ, દિવેલા, મગફળી, બાજરીનું વાવેતર કરવા ચર્ચા થઈ હતી.

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 06-06-2023

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાના કાંધાસર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

સુરેન્દ્રનગર ભાસ્કર | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નાના કાંધાસર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રસગે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નાના કાંધાસરનાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો.જે.એન.વ્યાસે કાર્યક્રમમાં હાજર રહેલા ખેડૂત બહેનોને આવકાર્યા અને પર્યાવરણ વિષય પર વક્તવ્ય આપ્યું હતું. વૈજ્ઞાનિક એમ. એફ. ભોરણીયા, ડો. આર. પી. કાલમા, ડો. બી. સી. બોચલ્યા અને ડી. એ. પટેલ દ્વારા કૃષિ ક્ષેત્રમાં આધુનિક તજજ્ઞતાઓ અંગેની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ચોટીલા તાલુકાનાં બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમના અંતે કે.વી.કે ના સ્ટાફ અને ખેડૂત બહેનોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું.

AHMEDABAD

સંક્ષિપ્ત સમાચાર

ચોટીલાના નાના કાંધાસર સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ અંતર્ગત કૃષિ મેળો યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે પ્રાકૃતિક ખેતી પર તાલિમ યોજાઈ

સુરેન્દ્રનગર ભાસ્કર| કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નાના કાંધાસર અને આત્મા પ્રોજેક્ટ સુરેન્દ્રનગરના સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક ખેતી વિષય પર એક-દિવસીય તાલીમ યોજવામાં આવી હતી. જેમા કેન્દ્રના વડા ડો. જે.એન. વ્યાસે તાલીમાર્થીઓને આવકાર્યા અને ત્યારબાદ દીપ પ્રગટાવી તાલીમનું ઉદઘાટન કરવમા આવ્યુ હતુ. ત્યારબાદ વૈજ્ઞાનિક ડો. બી.સી.બોચલ્યા, ડી.એ.પટેલ, એ. કે. વાળા, એમ. એન. પટેલ, એમ. એફ. ભોરણીયા અનેભરત.એ.પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતી તકો અને પડકારો, જીવામૃત અને બીજામૃત અને સિધ્ધાંતો વિશેની વિસ્તૃત માહિતી આપવામા આવી હતી. જેમાં 130 જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કે.વી.કે સ્ટાફ અને આત્મા પ્રોજેકટના અધિકારી કર્મચારીએ પ્રયાસ કર્યા હતા.

આલવાડ ની વાત

ગુજરાતી સમાચાર પત્ર

Zalawadi Ni Vat, Owner/Editor/Publisher - Kirtibai S Khavad

9427111117 zalawadnivat@gmail.com

06/01/23 સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના નાના કાંધાસર ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં કૃષિ પશુપાલન બાગાયત વિભાગના નવ નિયુક્ત સ્ટાફ માટે પ્રાકૃતિક કૃષિનો તાલીમ કાર્યક્રમ યોજાયો

સુરેન્દ્રનગર જિલ્લાના નાના કાંધા સર ખાતેના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે જિલ્લામાં કૃષિ પશુપાલન બાગાયત વિભાગમાં નવા નિયુક્ત થયેલ સ્ટાફ માટે પ્રાકૃતિક કૃષિનો તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો જેનું આયોજન કેવી કે, કાંધાસર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કેવીકે ના સિનિયર સાઇન્ટીસ્ટ અને વડા જીજુબેન વ્યાસ દ્વારા ઉપસ્થિત તમામ અધિકારી કર્મચારીઓ તથા આત્મા ટીમના સ્ટાફનું સ્વાગત કરી કાર્યક્રમની શરૂઆત કરી આ કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિનું કૃષિ વિજ્ઞાનના સિદ્ધાંતોને વણી લઈને વિસ્તૃત ઉદાહરણ તેમજ ફિલ્ડના ફોટોગ્રાફસ વિડીયો સાથે આત્મા સુરેન્દ્રનગરના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી બી. એ. પટેલ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું , પ્રાકૃતિક કૃષિના જિલ્લા સંયોજક શ્રી અચ્યુતભાઈ પટેલે જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ અંગે એક પીએચ તેમજ માર્કેટિંગ ની કામગીરીનું માર્ગદર્શન આપ્યું હતું તેમ જ ચોટીલા તાલુકાના વડાળી ગામના શ્રી હિતેશભાઈ મેનિયાએ પ્રાકૃતિક કૃષિના અનુભવો વર્ણવ્યા હતા.આ કાર્યક્રમમાં શ્રી બી સી બોચલીયા એ આભાર માની કાર્યક્રમ પૂર્ણ કરેલ હતો.

Report Published by : ઝાલાવાડ ની વાત ગુજરાતી સમાચારપત્ર

zalawadnivat@gmail.com 9427111117 ઝાલાવાડ ની વાત

કે.વિ.કે નાના કાધાંસરમાં ક્લાઇમેટ રિસાઈલેન્ટ અને સ્માર્ટ એગ્રિકલ્ચર કાર્યક્રમ યોજાયો

સુરેન્દ્રનગર ભાસ્કર| કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નાના કાધાંસર ખાતે વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો.જે.એન.વ્યાસના માર્ગદર્શન હેઠળ ક્લાઇમેટ રીસાઈલેન્ટ અને સ્માર્ટ એગ્રીકલ્ચર અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં વૈજ્ઞાનિકો દ્વારા કૃષિમાં સ્માર્ટ ટેકનોલોજીનું મહત્વ, મિલેટસ એક સ્માર્ટ અનાજ, જમીનમાં ઓર્ગેનિક કાર્બનની જાળવણી અને આબોહવા પરિવર્તન જેવા વિષયો પર માહિતી આપવામા આવી હતી. આ જાગૃતિ અભિયાન દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લાના ખેડુત ભાઈઓ તથા બહેનોએ બહોળા પ્રમાણમાં ભાગ લીધો હતો.